સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન

# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS

WEEK 12

MARCH-2024
17-03-24 To 23-03-24

:::::: સંપાદક ::::::
મૌલિક ગોંધિયા












સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

# Timeline


**17 MAR-2024**

- ભારતમાં 18મી લોકસભા માટે ચૂંટણીની જાહેરાત ..... 02
- QUESTION ANSWERS ..... 11

**18 MAR-2024**

- Human Development Report 2023-24 ..... 12
- UNNATI 2024 યોજનાને મંજૂરી ..... 13
- વિમેન્સ પ્રીમિયર લીગ 2024 : રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ચેમ્પિયન ..... 14
- QUESTION ANSWERS ..... 17

**19 MAR-2024**

- દિવસ મહિમા : 19 માર્ચ, CRPF સ્થાપના દિવસ (CRPF Raising Day) ..... 18
- ભારત-ભૂટાન સંબંધ (India-Bhutan Relations) ..... 18
- ભારતીય નૌકાદળનું પ્રથમ સ્વતંત્ર હેડક્વાર્ટર : નૌસેના ભવન ..... 20
- QUESTION ANSWERS ..... 22

**20 MAR-2024**

- દિવસ મહિમા : 20 માર્ચ, આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ (International Happiness Day), વિશ્વ ચકલી દિવસ (World Sparrow Day) ..... 23
- LAMITIYE-2024 : ભારત-સેશેલ્સ ..... 24
- CBSEના નવા અધ્યક્ષ તરીકે શ્રી રાહુલ સિંઘની નિમણૂક ..... 24
- QUESTION ANSWERS ..... 26

**21 MAR-2024**

- દિવસ મહિમા : 21 માર્ચ, આંતરરાષ્ટ્રીય વન દિવસ, વિશ્વ કવિતા દિવસ, આંતરરાષ્ટ્રીય જાતિવાદી ભેદભાવ નાબૂદી દિવસ, આંતરરાષ્ટ્રીય નૌરોઝ દિવસ, વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસ, આંતરરાષ્ટ્રીય કલર દિવસ ..... 27
- World Happiness Report 2024 ..... 28
- વ્લાદિમીર પુતિન પાંચમી વખત રશિયાના રાષ્ટ્રપતિ બન્યા ..... 29
- QUESTION ANSWERS ..... 30

**22 MAR-2024**

- દિવસ મહિમા : 22 માર્ચ, વિશ્વ જળ દિવસ (World Water Day) ..... 31
- ટાઈગર ટ્રાયમ્ફ-24 (Tiger Triumph-24) ..... 31
- નેપાળએ પોખરાને તેની પર્યટન રાજધાની જાહેર કરી ..... 32
- QUESTION ANSWERS ..... 33

**23 MAR-2024**

- દિવસ મહિમા : 23 માર્ચ, શહીદ દિવસ, વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ (World Meteorological Day) ..... 34
- World Air Quality Report 2023 ..... 34
- QUESTION ANSWERS ..... 37

**ONE LINER** ..... 38

**QUESTION OF THIS WEEK** ..... 42


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં 18મી લોકસભા માટે ચૂંટણીની જાહેરાત

16 માર્ચ, 2024ના રોજ ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી રાજીવ કુમારએ ભારતની 18મી લોકસભા માટે ચૂંટણીની તારીખોની જાહેરાત કરી છે.

- આ સાથે જ ભારતમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવી ગઈ છે.

### 18મી લોકસભા માટે ચૂંટણીનો કાર્યક્રમ

ચૂંટણી પંચે કરેલી જાહેરાત અનુસાર ભારતમાં 18મી લોકસભા માટે સાત તબક્કામાં કુલ 543 લોકસભા બેઠકો માટે મતદાન થશે.

- ભારતમાં સાત તબક્કામાં યોજનાર ચૂંટણીમાં પ્રથમ તબક્કાનું મતદાન 19 એપ્રિલ, 2024ના રોજ અને અંતિમ સાતમા તબક્કાનું મતદાન 1 જૂન, 2024ના રોજ થશે.
- જેમાં 7 મે, 2024ના રોજ યોજનાર ત્રીજા તબક્કાના મતદાનમાં ગુજરાતની તમામ 26 લોકસભા બેઠકો માટે એક જ સાથે મતદાન થશે.
- નોંધનીય છે કે ગુજરાતમાં 26 લોકસભાની બેઠકોની સાથે વિધાનસભાની ખાલી પડેલી 7 બેઠકો માટે પણ 7 મેના રોજ મતદાન થશે.
- 18મી લોકસભા માટેની ચૂંટણીનું પરિણામ 4 જૂનના રોજ જાહેર થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### 18મી લોકસભા ચૂંટણીનો કાર્યક્રમ

| ક્રમ | મતદાન | તારીખ | રાજ્ય | બેઠકો |
|---|---|---|---|---|
| 1 | પ્રથમ તબક્કાનું મતદાન | 19 એપ્રિલ, 2024 | 21 | 102 |
| 2 | બીજા તબક્કાનું મતદાન | 26 એપ્રિલ, 2024 | 13 | 89 |
| 3 | ત્રીજા તબક્કાનું મતદાન | 7 મે, 2024 | 12 | 94 |
| 4 | ચોથા તબક્કાનું મતદાન | 13 મે, 2024 | 10 | 96 |
| 5 | પાંચમાં તબક્કાનું મતદાન | 20 મે, 2024 | 8 | 49 |
| 6 | છઠ્ઠા તબક્કાનું મતદાન | 25 મે, 2024 | 7 | 57 |
| 7 | સાતમા તબક્કાનું મતદાન | 1 જૂન, 2024 | 8 | 57 |
| | ચૂંટણીનું પરિણામ : | 4 જૂન, 2024 | કુલ 543 બેઠકો | |

## 18મી લોકસભા ચૂંટણી વિશે મુખ્ય હાઈલાઈટ્સ



- વિશ્વની સૌથી મોટી ચૂંટણી
- કુલ 96.8 કરોડ મતદારો
- 49.7 કરોડ પુરુષ અને 47.1 કરોડ મહિલા મતદારો છે, જેમાં 88.4 લાખ વિકલાંગ વ્યક્તિઓ, 48,000 ટ્રાન્સજેન્ડર મતદારો અને 19.1 લાખ સેવા મતદારોનો સમાવેશ થાય છે.
- 1.8 કરોડ મતદારો પ્રથમવાર મતદાન કરશે.
- 2019માં 10.35 લાખ મતદાન મથકોની સરખામણીએ મતદાન મથકોની સંખ્યા વધીને 10.48 લાખ થઈ છે.
- ચૂંટણી માટે 55 લાખ EVM તૈનાત કરવામાં આવશે.
- દરેક મતદાન મથક પીવાના પાણી, શૌચાલયની સુવિધા, પૂરતી લાઈટિંગ અને અન્ય જરૂરી સુવિધાઓથી સજ્જ હશે.

## લોકસભાની સાથે ચાર રાજ્યોની ચૂંટણી

ચૂંટણી પંચે જાહેર કરેલા કાર્યક્રમ અનુસાર ચાર રાજ્યો અરૂણાચલ પ્રદેશ, આંધ્રપ્રદેશ, ઓડિશા અને સિક્કિમ વિધાનસભાની ચૂંટણીઓ પણ લોકસભાની ચૂંટણીની સાથે જ યોજાશે.

## કેન્દ્રીય ચૂંટણી પંચ વિશે

કેન્દ્રીય ચૂંટણી પંચ એ એક સ્થાયી અને બંધારણીય સંસ્થા છે.

- ભારતીય બંધારણના અનુચ્છેદ 324 અનુસાર લોકસભા, રાજ્યસભા, રાજ્ય વિધાનસભાઓ, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીઓનું સંચાલન અને નિયંત્રણ કરે છે.
- ચૂંટણીપંચની સ્થાપના 25 જાન્યુઆરી, 1950ના રોજ થઈ હતી.
- આથી, આ દિવસની યાદમાં ભારતમાં દર વર્ષે 25 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

## ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર

ભારતના પ્રથમ મુખ્ય ચૂંટણી કમિશનરનું નામ શ્રી સુકુમાર સેન છે.

- ભારતના પ્રથમ મહિલા મુખ્ય ચૂંટણી કમિશનરનું નામ શ્રીમતી વી.એસ.રમાદેવી (કાર્યકારી) છે.

- ભારતના વર્તમાન (માર્ચ 2024ની સ્થિતિએ) મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય ચૂંટણી કમિશનરોના નામ આ પ્રમાણે છે :

  (1) શ્રી રાજીવ કુમાર (મુખ્ય ચૂંટણી કમિશનર)

  (2) શ્રી જ્ઞાનેશ કુમાર (ચૂંટણી કમિશનર)

  (3) ડૉ.સુખબીર સિંહ સંધુ (ચૂંટણી કમિશનર)

**નોંધ :** (1) ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક ભારતના રાષ્ટ્રપતિ કરે છે.

(2) ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિને આપી શકે છે.

(3) મુખ્ય ચૂંટણી કમિશનરને પદ પરથી દૂર કરવાની પ્રક્રિયા એ સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશને દૂર કરવાની પ્રક્રિયા મુજબ જ છે. જ્યારે અન્ય ચૂંટણી કમિશનરને રાષ્ટ્રપતિ મુખ્ય ચૂંટણી કમિશનરની સલાહથી હટાવી શકે છે.

(4) 'મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરો (નિમણૂક, સેવાની શરતો અને કાર્યકાળ) બિલ, 2023' અનુસાર મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરની પસંદગી સમિતિમાં અધ્યક્ષ તરીકે વડાપ્રધાન, લોકસભાના સભ્ય તરીકે વિરોધ પક્ષના નેતા અને સભ્ય તરીકે વડાપ્રધાન દ્વારા નામાંકિત કેન્દ્રીય મંત્રીનો સમાવેશ થાય છે.

(5) ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરનો કાર્યકાળ 6 વર્ષ અથવા 65 વર્ષની ઉંમરએ બેમાંથી જે પહેલા આવે તે હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## આદર્શ આચાર સંહિતા

આદર્શ આચાર સંહિતા (Model Code of Conduct) એ ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષો અને ઉમેદવારો પર નિયમન અને નિયંત્રણ માટે તૈયાર કરવામાં આવેલ નિયમોની એક સૂચિ છે.

- સામાન્ય રીતે ચૂંટણીની તારીખ જાહેર થતાં જ આદર્શ આચાર સંહિતા લાગુ થઈ જાય છે.

## આચાર સંહિતા ક્યાં સુધી અમલમાં રહે છે ?

ચૂંટણીની તારીખ જાહેર થાય ત્યારે આદર્શ આચાર સંહિતા લાગુ થાય છે અને જ્યારે ચૂંટણીની સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ થાય ત્યારે એટલે કે ચૂંટણીનું પરિણામ જાહેર થાય ત્યાં સુધી તે અમલમાં રહે છે.

## ભારતમાં આદર્શ આચાર સંહિતાનો પ્રારંભ

ભારતમાં સૌપ્રથમ ઈ.સ. 1960માં કેરળ વિધાનસભા ચૂંટણીમાં આદર્શ આચાર સંહિતા લાગુ કરવામાં આવી હતી.

- ત્યારબાદ ભારતમાં ઈ.સ. 1962માં સૌપ્રથમ વખત લોકસભા ચૂંટણીમાં તમામ રાજકીય પક્ષોને આદર્શ આચાર સંહિતાનું પાલન કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

## આદર્શ આચાર સંહિતાના નિયમો

આદર્શ આચાર સંહિતામાં ભાષણો, મતદાન કેન્દ્ર, મતદાન દિવસ, ચૂંટણી ઘોષણાપત્રો, રેલીઓ, સભાઓ વગેરે અંગેના નિયમોનો સમાવેશ થાય છે. જેમાંના કેટલાક નિયમો આ પ્રમાણે છે :

(1) આચાર સંહિતા અમલમાં આવ્યા બાદ મંત્રીઓ સરકાર પાસે કોઈ નાણાકીય અનુદાનની માંગ કરી શકે નહિ.

(2) આ ઉપરાંત તેઓ ચૂંટણી પ્રચાર માટે સરકારી નાણાં કે વાહનોનો ઉપયોગ કરી શકે નહિ.

(3) સરકાર કોઈ નવી યોજનાઓની જાહેરાત કરી શકે નહિ.

(4) સરકાર કે જાહેર ક્ષેત્રમાં નવી નિમણૂક થઈ શકે નહિ.

(5) મતદાન કેન્દ્રના 100 મીટરના વિસ્તારમાં મતદાન પૂર્ણ થયાના 48 કલાક પહેલાથી કોઈ સભા કે પ્રચાર કરી શકાય નહિ.

(6) શૌર્ય પુરસ્કારોથી સમ્માનિત સશસ્ત્ર દળોના સૈનિકોના ફોટાનો ચૂંટણી પ્રચારમાં ઉપયોગ કરી શકાય નહિ.

(7) ચૂંટણી પંચે નક્કી કરેલી મર્યાદા અનુસાર જ ઉમેદવાર ચૂંટણી માટે નાણા ખર્ચી શકે છે. ચૂંટણી પૂરી થયા બાદ આ ખર્ચનો પૂરો હિસાબ ઉમેદવારે ચૂંટણી પંચને આપવાનો હોય છે. અને જો આ હિસાબ આપવામાં તે નિષ્ફળ જાય તો ચૂંટણીપંચ તેને ગેરલાયક ઠેરવે છે.

## લોકસભાની ચૂંટણી

લોકસભામાં સમગ્ર દેશના લોકોનું પ્રતિનિધિત્વ હોય છે. આથી, દેશને વિવિધ ચૂંટણી ક્ષેત્રોમાં વિભાજિત કરવામાં આવે છે.

- પ્રત્યેક ચૂંટણી ક્ષેત્રમાંથી માત્ર એક જ ઉમેદવાર ચૂંટાઈને આવે તે વિસ્તારના લોકોનું લોકસભામાં પ્રતિનિધિત્વ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- રાજ્યસભાના સભ્યોની ચૂંટણી પરોક્ષ રીતે થાય છે. પરંતુ લોકસભા અને રાજ્યોની વિધાનસભાના સભ્યોની ચૂંટણી જનતા દ્વારા પ્રત્યક્ષ રીતે થાય છે.
- અહીં લોકો પોતાના પ્રતિનિધિને વયસ્ક મતાધિકારના આધારે (એટલે કે મતદાર યાદીમાં નોંધાયેલા 18 વર્ષથી ઉપરના તમામ નાગરિકો) પ્રત્યક્ષ રીતે મત આપીને ચૂંટે છે.
- ભારતમાં અગાઉ મતદાન માટેની લઘુત્તમ વય મર્યાદા 21 વર્ષની હતી.
- જોકે, '61મા બંધારણીય સુધારા, 1988' દ્વારા મતદાન માટેની ઓછામાં ઓછી ઉંમર 21 વર્ષથી ઘટાડી 18 વર્ષ કરવામાં આવી હતી.

## લોકસભાનો કાર્યકાળ

ભારતમાં લોકસભાના સભ્યોની ચૂંટણી 'First Past the Post System'ના આધારે થાય છે. અર્થાત્ ચૂંટણીમાં સૌથી વધુ મત મેળવનાર ઉમેદવારની જીત થાય છે.

- ભારતીય બંધારણના અનુચ્છેદ 83(2) અનુસાર સામાન્ય રીતે ભારતની લોકસભાનો કાર્યકાળ લોકસભાની પ્રથમ બેઠકથી શરૂ કરીને 5 વર્ષ સુધીનો હોય છે.
- આમ છતાં જો કોઈ પક્ષ કે ગઠબંધન લોકસભામાં પોતાની બહુમતી ગુમાવે અને અન્ય કોઈ પક્ષ કે ગઠબંધન પાસે સરકાર બનાવવા માટે બહુમતી ન હોય તો આવા સંજોગોમાં ફરીથી નવી ચૂંટણી યોજવી પડે છે. અને લોકસભાનું 5 વર્ષ પહેલા જ વિસર્જન થાય છે.
- લોકસભાનું કાર્યકાળ પહેલા વિસર્જન થઈ શકે છે તેવી જ રીતે અમુક સંજોગોમાં લોકસભાનો કાર્યકાળ પાંચ વર્ષ કરતા વધારી પણ શકાય છે.
- અનુચ્છેદ 83(2) અનુસાર જ્યારે રાષ્ટ્રીય કટોકટી અમલમાં હોય ત્યારે સંસદ લોકસભાનો કાર્યકાળ સંસદની એક મંજૂરીથી એક વર્ષ લંબાવી શકે છે.

**નોંધ :** (1) '42મા બંધારણીય સુધારા, 1976' દ્વારા ભારતમાં લોકસભા અને રાજ્યોની વિધાનસભાનો કાર્યકાળ 5 વર્ષથી વધારીને 6 વર્ષ કરવામાં આવ્યો હતો.

(2) જોકે, ત્યારબાદ '44મા બંધારણીય સુધારા, 1978' દ્વારા લોકસભા અને રાજ્યોની વિધાનસભાનો કાર્યકાળ ઘટાડીને ફરીથી 5 વર્ષ કરવામાં આવ્યો હતો.

## ચૂંટણી પ્રક્રિયા

ચૂંટણી પ્રક્રિયા અંતર્ગત મુખ્યત્વે નીચેની બાબતોનો સમાવેશ થાય છે :

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ચૂંટણીની જાહેરાત**
↓
**ઉમેદવારોનું નામાંકન**
↓
**ઉમેદવારના નામાંકનની ચકાસણી**
↓
**નામાંકિત ઉમેદવારોના ફોર્મ પરત ખેંચવાની તક**
↓
**ચૂંટણી પ્રચાર**
↓
**મતદાન પ્રક્રિયા**
↓
**મતગણતરી અને વિજેતાઓની જાહેરાત**
↓
**ચૂંટણી ખર્ચ સાથે સંબંધિત ખાતાઓની ચકાસણી**

**નોંધ :**
(1) ભારતમાં લોકસભા કે વિધાનસભાનો કાર્યકાળ પૂરો થાય તે પહેલા જ ચૂંટણીનું આયોજન કરવામાં આવે છે.
(2) ભારતમાં ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર રાષ્ટ્રપતિના આદેશ મુજબ જાહેરનામા દ્વારા ચૂંટણી કાર્યક્રમોની જાહેરાત કરે છે. જેમાં ચૂંટણીના સંપૂર્ણ આયોજનની યાદી જાહેર કરવામાં આવે છે અને ત્યારબાદ સંપૂર્ણ ચૂંટણી યોજાય છે.
(3) લોકસભા અથવા રાજ્ય વિધાનસભાનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂરો થયા બાદ યોજાતી ચૂંટણીને 'સામાન્ય ચૂંટણી' (General Election) કહેવામાં આવે છે.
(4) લોકસભા અથવા રાજ્ય વિધાનસભા પોતાના પાંચ વર્ષના કાર્યકાળ પહેલા વિસર્જિત થાય ત્યારે યોજવામાં આવતી ચૂંટણીને 'મધ્યસ્થ ચૂંટણી' (Mid Term Election) કહેવામાં આવે છે.
(5) ગૃહના કોઈ સભ્યની ખાલી પડેલી બેઠક પર યોજાતી ચૂંટણીને 'પેટા ચૂંટણી' (By Election) તરીકે ઓળખવામાં આવે છે.

## EVM અને VVPAT

### ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન (EVM)

ભારતમાં EVMનો પ્રથમ વખત ઉપયોગ 1982માં કેરળની ઉત્તર પેરાવુર વિધાનસભા બેઠકના કેટલાક પોલિંગ બુથો પર થયો હતો.

- ત્યારબાદ ભારતમાં ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીનનો પ્રાયોગિક ધોરણે પ્રથમ ઉપયોગ વર્ષ 1998માં દિલ્હી, રાજસ્થાન તથા મધ્યપ્રદેશની 16 વિધાનસભા બેઠકો માટે કરવામાં આવ્યો હતો.
- પરંતુ, ગોવા એવું પ્રથમ રાજ્ય હતું કે જ્યાં વર્ષ 1999ની વિધાનસભાની ચૂંટણીમાં બધી જ વિધાનસભા ક્ષેત્રોમાં ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન દ્વારા મતદાન કરવામાં આવેલ હતું.
- EVM 6 વોલ્ટની એલ્કેલાઈન બેટરી પર કામ કરે છે, આથી જ્યાં વીજળી ન હોય તેવા ક્ષેત્રોમાં પણ આનો પ્રયોગ આસાનીથી કરી શકાય છે.
- એક EVM મશીન વધુમાં વધુ 16 ઉમેદવાર માટે એક સાથે મતદાન રેકોર્ડ રાખી શકે છે તથા એક સાથે વધુમાં વધુ 64 ઉમેદવારો માટે કુલ 4 EVMનો પ્રયોગ કરી શકાય છે.
- જો કોઈ પણ ચૂંટણીક્ષેત્રમાં 64થી વધુ ઉમેદવારો હોય તો ત્યાં EVMની જગ્યાએ મતપત્રોની મદદથી મતદાન કરાવવું પડે છે.

**નોંધ :** (1) 1990માં રચાયેલી શ્રી દિનેશ ગોસ્વામી સમિતિએ ચૂંટણીમાં EVMનો પ્રયોગ કરવાની ભલામણ કરી હતી.

(2) ભારતમાં લોકસભાની સામાન્ય ચૂંટણીઓમાં વર્ષ 2004થી EVMનો ઉપયોગ કરવાનો ચૂંટણી પંચે નિર્ણય કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## VVPAT

વીવીપેટ (VVPAT)નું પૂરું નામ 'વોટર વેરિફાયેબલ પેપર ઓડિટ ટ્રેલ' છે.

- ભારતમાં સૌપ્રથમ સપ્ટેમ્બર, 2013માં નાગાલેન્ડના નાકસેન વિધાનસભા મતક્ષેત્રમાં વીવીપેટનો ઉપયોગ થયો હતો.
- ત્યારબાદ વર્ષ 2014ની લોકસભાની ચૂંટણીમાં પાયલટ પ્રોજેકટ તરીકે ગુજરાતના ગાંધીનગર સહિત દેશના કુલ 8 લોકસભા ક્ષેત્રોમાં વીવીપેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- ભારતમાં સૌપ્રથમ ગોવામાં 2017માં સમગ્ર રાજ્યમાં મતદાન દરમિયાન VVPAT મશીનનો ઉપયોગ થયો હતો.
- ભારતમાં BEL (ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ) અને ECIL (ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ) દ્વારા VVPATનું નિર્માણ કરવામાં આવ્યું છે.

## ભારતમાં પ્રથમ લોકસભા ચૂંટણી

આઝાદી બાદ ભારતમાં પ્રથમ વખત ઈ.સ.1951-52માં લોકસભા ચૂંટણીનું આયોજન થયું હતું.

- આ ચૂંટણી પ્રક્રિયા 25 ઓક્ટોબર, 1951થી 21 ફેબ્રુઆરી, 1952 સુધી યોજાઈ હતી.
- આ ચૂંટણીમાં 489 બેઠકો માટે મતદાન થયું હતું.
- આ સમયે મતદાન માટેની વય મર્યાદા 21 વર્ષ હતી.
- પ્રથમ ચૂંટણીમાં મત આપવા માટે ઉમેદવાર દીઠ અલગ અલગ મત પેટી રાખવામાં આવી હતી.
- પ્રથમ ચૂંટણીમાં ઉપયોગમાં લેવાયેલ આશરે 16 લાખ જેટલી મતપેટીઓ ગોદરેજ કંપની દ્વારા તૈયાર કરવામાં આવી હતી.
- પ્રથમ ચૂંટણીમાં મતદારોને મતદાન અંગેનું જ્ઞાન આપવા થિયેટરોમાં ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી હતી.
- પ્રથમ ચૂંટણીમાં મતદારોની સંખ્યા આશરે 17.6 કરોડ જેટલી હતી.
- પ્રથમ ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષનું ચિહ્ન બળદની જોડ હતું.

## સંસદમાં લોકસભા બેઠકોની સંખ્યા

ભારતની સંસદનું 'નીચલુ ગૃહ' લોકસભા છે, લોકસભા ઈંગ્લેન્ડના 'હાઉસ ઓફ કોમન્સ' સાથે સામ્યતા ધરાવે છે.

- ભારતીય બંધારણના અનુચ્છેદ-81માં લોકસભાની રચના અંગેની જોગવાઈ છે.
- અનુચ્છેદ-81 અનુસાર લોકસભાની મહત્તમ સભ્ય સંખ્યા 552 રાખી શકાય છે.
- અત્યાર સુધી લોકસભાના સભ્યોની સંખ્યા 543 (ચૂંટાયેલા) + 2 એંગ્લો – ઈન્ડિયન (રાષ્ટ્રપતિ દ્વારા નિમાયેલા) = 545 હતી.
- '104માં બંધારણીય સુધારા, 2019' દ્વારા લોકસભામાં રાષ્ટ્રપતિ દ્વારા થતી 2 એંગ્લો ઈન્ડિયન સભ્યોની નિમણૂક રદ કરવામાં આવી હતી. આથી હવે પછી અનુચ્છેદ 331 અનુસાર રાષ્ટ્રપતિ દ્વારા લોકસભામાં 2 એંગ્લો ઈન્ડિયન સભ્યની નિમણૂક કરવામાં આવશે નહિ.
- આથી, 18મી લોકસભાથી લોકસભાના સભ્યોની સંખ્યા 543 (ફક્ત ચૂંટાયેલા) રહેશે.

**નોંધ :** (1) ભારતમાં લોકસભાની સૌથી વધુ 80 બેઠકો ઉત્તરપ્રદેશમાં છે.
(2) ઉત્તરપ્રદેશ બાદ બીજા ક્રમે મહારાષ્ટ્રમાં 48 અને ત્રીજા ક્રમે પશ્ચિમ બંગાળમાં લોકસભાની 42 બેઠકો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) ગુજરાતમાં લોકસભાની 26 બેઠકો છે.

(4) ભારતના કેન્દ્રશાસિત પ્રદેશોમાં લોકસભાની સૌથી વધુ 7 બેઠકો દિલ્હીમાં છે.

## ચૂંટણી અંગેના મહત્ત્વના અનુચ્છેદ

ભારતીય બંધારણના ભાગ-15માં અનુચ્છેદ 324થી 329 અંતર્ગત ચૂંટણી અંગેની જોગવાઈઓ કરવામાં આવી છે જે આ પ્રમાણે છે :

| અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|
| અનુચ્છેદ-324 | ચૂંટણીઓની દેખરેખ, દોરવણી અને નિયંત્રણ માટે ચૂંટણી પંચ |
| અનુચ્છેદ-325 | ધર્મ, જાતિ, જ્ઞાતિ કે લિંગ ભેદના આધારે કોઈપણ વ્યક્તિને ચૂંટણી પ્રક્રિયામાં સમાવેશ થવાનો કે નહીં થવાનો આદેશ આપી શકાય નહિ. |
| અનુચ્છેદ-326 | લોકસભાની અને રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણીઓ પુખ્ત મતાધિકારને ધોરણે કરવા બાબત |
| અનુચ્છેદ-327 | વિધાનમંડળોની ચૂંટણીઓ અંગે જોગવાઈ કરવાની સંસદને સત્તા |
| અનુચ્છેદ-328 | રાજ્યના વિધાનમંડળની ચૂંટણી સંબંધિત નિયમો બનાવવાની જે તે વિધાનમંડળની સત્તા |
| અનુચ્છેદ-329 | ચૂંટણી સંબંધિત બાબતોમાં ન્યાયાલયના હસ્તક્ષેપ પર પ્રતિબંધ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) ચૂંટણી પંચને 'ચૂંટણી આયોગ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) 1974માં રચાયેલી તારકુન્ડે સમિતિએ મતદારની ઉંમર 21 થી ઘટાડી 18 વર્ષ કરવાની ભલામણ કરી હતી.





# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં ભારતમાં કેટલામી લોકસભા માટે ચૂંટણીની જાહેરાત કરવામાં આવી હતી ?

(A) 16મી (B) 17મી (C) 18મી (D) 19મી **(C)**

2. તાજેતરમાં ભારતમાં 18મી લોકસભા માટે કેટલા તબક્કામાં ચૂંટણીની જાહેરાત કરવામાં આવી હતી ?

(A) પાંચ (B) છ (C) સાત (D) આઠ **(C)**

3. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં લોકસભાની રચના અંગેની જોગવાઈ છે ?

(A) અનુચ્છેદ 81 (B) અનુચ્છેદ 82 (C) અનુચ્છેદ 83 (D) અનુચ્છેદ 84 **(A)**

4. ભારતમાં લોકસભાના સભ્યોની સંખ્યા (ફક્ત ચૂંટાયેલા) કેટલી છે ?

(A) 250 (B) 238 (C) 542 (D) 543 **(D)**

5. ભારતમાં લોકસભાની સૌથી વધુ બેઠકો કયા રાજ્યમાં છે ?

(A) મહારાષ્ટ્ર (B) ઉત્તરપ્રદેશ (C) રાજસ્થાન (D) મધ્યપ્રદેશ **(B)**

6. ઉત્તરપ્રદેશમાં લોકસભાની વર્તમાન બેઠકો કેટલી છે ?

(A) 80 (B) 78 (C) 72 (D) 70 **(A)**

7. ગુજરાતમાં લોકસભાની વર્તમાન બેઠકો કેટલી છે ?

(A) 11 (B) 17 (C) 26 (D) 31 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Human Development Report 2023-24

સંયુક્ત રાષ્ટ્રના UNDP એટલે કે United Nations Development Programe દ્વારા તાજેતરમાં 'Human Development Index-2023-24' (માનવ વિકાસ સૂચકાંક-HDI) નામનો એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટ 'Breaking the Gridlock : Reimagining Cooperation in a Polarised World' શિર્ષક હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.
- આ માનવ વિકાસ સૂચકાંકમાં વિશ્વના 193 દેશોમાં ભારત 134મા ક્રમે છે.
- જ્યારે આ ઈન્ડેક્સમાં સ્વિત્ઝર્લેન્ડ પ્રથમ ક્રમે છે.
- ત્યારબાદ નોર્વે બીજા અને આઈસલેન્ડ ત્રીજા ક્રમે છે.
- આ રિપોર્ટમાં સોમાલિયા (0.380), દક્ષિણ સુદાન (0.381) અને સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક (0.387) નીચેના ત્રણ દેશો છે.

**Human Development Index 2023-24 Ranking**

| Rank | Country | HDI Value 2022 |
|---|---|---|
| 1 | સ્વિત્ઝર્લેન્ડ | 0.967 |
| 2 | નોર્વે | 0.966 |
| 3 | આઈસલેન્ડ | 0.959 |
| 4 | હોંગકોંગ, ચીન (SAR) | 0.956 |
| 5 | ડેનમાર્ક, સ્વીડન | 0.952 |
| 7 | જર્મની, આયર્લેન્ડ | 0.950 |
| 15 | યુનાઈટેડ કિંગ્ડમ | 0.940 |
| 20 | યુનાઈટેડ સ્ટેટ્સ | 0.927 |
| 75 | ચીન | 0.788 |
| 125 | ભૂટાન | 0.681 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 129 | બાંગ્લાદેશ | 0.670 |
| 134 | ભારત | 0.644 |
| 146 | નેપાળ | 0.601 |
| 164 | પાકિસ્તાન | 0.540 |
| 191 | સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક | 0.387 |
| 192 | દક્ષિણ સુદાન | 0.381 |
| 193 | સોમાલિયા | 0.380 |

- આ રિપોર્ટમાં ભારતની Human Development Index (HDI) Value 0.644 છે.
- 1990 અને 2022ની વચ્ચે ભારતે તેના HDI મૂલ્યમાં 0.434 થી 0.644 સુધી 48.4%નો નોંધપાત્ર વધારો અનુભવ્યો છે.

નોંધ : (1) જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય, શાળાના અપેક્ષિત વર્ષો, શાળાના સરેરાશ વર્ષો, કુલ રાષ્ટ્રીય આવક વગેરે જેવા માપદંડોના આધારે આ રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે.

(2) UNDP દ્વારા 1990 થી દર વર્ષે આ રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

## UNNATI 2024 યોજનાને મંજૂરી

તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે ઉત્તર–પૂર્વ ક્ષેત્રના રાજ્યોમાં ઉદ્યોગોના વિકાસ અને રોજગાર સર્જન માટે 'ઉત્તર–પૂર્વ પરિવર્તનશીલ ઔદ્યોગિકીકરણ યોજના' (Uttar Purva Transformative Industrialization Scheme-UNNATI),2024ને મંજૂરી આપી છે.



### UNNATI 2024 વિશે

UNNATI 2024નો ઉદ્દેશ ઉત્તર–પૂર્વ ક્ષેત્રના રાજ્યોમાં ઉદ્યોગોનો વિકાસ અને રોજગારી ઉત્પન્ન કરવાનો છે.

- તે સિમેન્ટ અને પ્લાસ્ટિક જેવા પર્યાવરણને નુકસાનકારક ક્ષેત્રોને પ્રતિબંધિત કરતી વખતે નવા રોકાણો આકર્ષવા, હાલના રોકાણો પોષવા અને રિન્યુએબલ એનર્જી તથા ઈલેક્ટ્રિક વ્હીકલ ચાર્જિંગ સ્ટેશન જેવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

- આ યોજનાનો સમયગાળો યોજના સૂચનાની તારીખથી 8 વર્ષની પ્રતિબદ્ધ જવાબદારીઓ સાથે 31-3-2034 સુધી અસરકારક રહેશે.
- આ યોજનાનો સમગ્ર ખર્ચ રૂ.10,037 કરોડ છે જે પ્રતિબદ્ધ જવાબદારીઓ માટે દસ વર્ષમાં અને વધારાના આઠ વર્ષમાં વિભાજિત કરવામાં આવ્યો છે.
- તમામ પાત્ર ઔદ્યોગિક એકમોએ નોંધણીની અનુદાનથી 4 વર્ષની અંદર તેમનું ઉત્પાદન અથવા કામગીરી શરૂ કરવી આવશ્યક છે.
- પ્રોત્સાહનો માટે જિલ્લાઓને ઝોન A (ઔદ્યોગિક રીતે અદ્યતન) અને ઝોન B (ઔદ્યોગિક રીતે પછાત)માં વર્ગીકૃત કરવામાં આવ્યા છે.
- ભાગ Aના 60% ખર્ચ 8 ઉત્તર–પૂર્વીય રાજ્યો માટે નિર્ધારિત કરવામાં આવ્યો છે અને 40% ફર્સ્ટ ઈન–ફર્સ્ટ આઉટ (FIFO) ધોરણે ફાળવવામાં આવ્યો છે.
- આ યોજના નવા એકમો સ્થાપવા અથવા હાલના એકમોના વિસ્તરણ માટે રોકાણકારોને વિવિધ પ્રોત્સાહનો પ્રદાન કરે છે, જે GST લાગુ પડવાના આધારે વર્ગીકૃત કરવામાં આવે છે, જેમ કે :
  (a) મૂડી રોકાણ પ્રોત્સાહન
  (b) કેન્દ્રીય મૂડી વ્યાજ સબવેન્શન
  (c) GSTની ચોખ્ખી ચુકવણી સાથે જોડાયેલા નવા એકમો માટે ઉત્પાદન અને સેવાઓ સાથે સાથે જોડાયેલ પ્રોત્સાહન (MSLI) ઝોન પર આધારિત ઉપલી મર્યાદાઓ સાથે.
- ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIT) આ યોજનાને રાજ્યોના સહયોગથી અમલમાં મૂકશે, જેની દેખરેખ રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરની સમિતિઓ દ્વારા કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિમેન્સ પ્રીમિયર લીગ 2024 : રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ચેમ્પિયન

23 ફેબ્રુઆરી, 2024 થી 17 માર્ચ, 2024 દરમિયાન ભારતમાં 'વિમેન્સ પ્રીમિયર લીગ' (WPL)ની બીજી ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયું હતું.



- આ ટુર્નામેન્ટમાં 5 ટીમોએ ભાગ લીધો હતો.
- આ વિમેન્સ પ્રીમિયર લીગ (WPL)ની ફાઈનલ મેચમાં દિલ્હી કેપિટલ્સને હરાવીને રોયલ ચેલન્જર્સ બેંગ્લોર (RCB) ચેમ્પિયન બન્યું છે.
- આ અગાઉ વર્ષ 2023માં મુંબઈ ઈન્ડિયન્સે WPLનું પ્રથમ ટાઈટલ જીત્યું હતું.

## WPL 2024ની ફાઈનલ મેચ

WPL 2024ની ફાઈનલ મેચ નવી દિલ્હીના અરૂણ જેટલી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે દિલ્હી કેપિટલ્સ અને રોયલ ચેલન્જર્સ બેંગ્લોર વચ્ચે યોજાઈ હતી.

- આ ફાઈનલ મેચમાં દિલ્હી કેપિટલ્સએ પ્રથમ દાવમાં 113 રન બનાવ્યા હતા.
- જે રોયલ ચેલન્જર્સ બેંગ્લોરે 19.3 ઓવરમાં 115 રન બનાવી WPL 2024ની ટ્રોફી જીતી લીધી હતી.
- જેમાં ફાઈનલ મેચમાં 3 વિકેટ ઝડપનાર RCBના પ્લેયર સુશ્રી સોફી મોલિનક્સ 'પ્લેયર ઓફ ધ મેચ' બન્યા હતા.

## સૌથી વધુ રન અને વિકેટ

WPL 2024માં સૌથી વધુ રન RCBના ખેલાડી સુશ્રી એલિસ પેરીએ 347 રન ફટકાર્યા હતા.

- જ્યારે સૌથી વધુ વિકેટ RCBના ખેલાડી સુશ્રી શ્રેયંકા પાટીલએ ઝડપી હતી, તેમણે આ ટુર્નામેન્ટમાં 13 વિકેટ ઝડપી હતી.

## WPL-2024ના ખૂબ જ મહત્વના એવોર્ડ અને અચિવમેન્ટ

| ક્રમ | એવોર્ડ | વિજેતા ખેલાડી/ટીમ | ટીમનું નામ |
|---|---|---|---|
| 1 | WPL 2024 વિજેતા ટીમ | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) | – |
| 2 | રનર્સ ઓફ WPL 2024 | દિલ્હી કેપિટલ્સ | – |
| 3 | પ્લેયર ઓફ ધ મેચ (ફાઈનલમાં) | સુશ્રી સોફી મોલિનક્સ | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર |
| 4 | પ્લેયર ઓફ ધ સીરિઝ તથા મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર | સુશ્રી દીપ્તિ શર્મા | યુ.પી.વોરિયર્સ |
| 5 | ઓરેન્જ કેપ (સૌથી વધુ રન માટે) | સુશ્રી એલિસ પેરી | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર |
| 6 | પર્પલ કેપ (સૌથી વધુ વિકેટ માટે) | સુશ્રી શ્રેયંકા પાટીલ | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર |
| 7 | ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ સિઝન | સુશ્રી શ્રેયંકા પાટીલ | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર |
| 8 | સિક્સિસ ઓફ ધ સિઝન | સુશ્રી સૈફાલી વર્મા | દિલ્હી કેપિટલ્સ |

નોંધ : (1) રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB)ની ટીમના કેપ્ટન સુશ્રી સ્મૃતિ મંધાના છે.

(2) WPL 2024 વિજેતા ટીમને ટ્રોફી અને છ કરોડ રૂપિયા પ્રદાન કરવામાં આવ્યા હતા.

(3) જ્યારે રનર્સ અપ ટીમ દિલ્હી કેપિટલ્સને ટ્રોફી અને ત્રણ કરોડ રૂપિયા પ્રદાન કરવામાં આવ્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## WPL

WPLનું પૂરું નામ 'વિમેન્સ પ્રીમિયર લીગ' છે. WPL એ ભારતની પ્રોફેશનલ વિમેન્સ T-20 લીગ છે.

- BCCI દ્વારા WPLની સ્થાપના કરવામાં આવી છે. તથા તેનું સંચાલન પણ BCCI કરે છે.
- વિમેન્સ પ્રીમિયર લીગનું માળખું IPLના બંધારણ પર આધારિત છે.
- વર્ષ 2023માં યોજાયેલ WPLની પ્રથમ ટુર્નામેન્ટ હતી.
- જેમાં મુંબઈ ઈન્ડિયન્સ ચેમ્પિયન બન્યું હતું.
- જ્યારે વર્ષ 2024માં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB)ની ટીમ વિજેતા બની છે.
- BCCIનું પૂરું નામ 'બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા' છે.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. Human Development Index (અથવા માનવ વિકાસ સૂચકાંક) 2023-24માં ભારત કયા ક્રમે છે ?

(A) 134 (B) 138 (C) 142 (D) 144 — (A)

2. Human Development Index (અથવા માનવ વિકાસ સૂચકાંક) 2023-24માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

(A) નોર્વે (B) સ્વિત્ઝર્લેન્ડ (C) આયર્લેન્ડ (D) આઈસલેન્ડ — (B)

3. Human Development Index કોના દ્વારા પ્રસિદ્ધ થાય છે ?

(A) WHO (B) UNESCO (C) UNDP (D) World Bank — (C)

4. તાજેતરમાં સમાચારમાં રહેલ UNNATI 2024' શું છે ?

(A) ઉત્તર–પૂર્વ ક્ષેત્રના રાજ્યોમાં વિકાસ અને રોજગાર સર્જન માટેની યોજના

(B) જમ્મુ–કાશ્મીર અને લદ્દાખમાં ઉદ્યોગોના વિકાસ અને રોજગાર સર્જન માટેની યોજના

(C) દક્ષિણ ભારતમાં ઉદ્યોગોના વિકાસ અને રોજગાર સર્જન માટેની યોજના

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં — (A)

5. વર્ષ 2024 દરમિયાન 'WPL' અથવા 'વિમેન્સ પ્રીમિયર લીગ'ની કેટલામી ટુર્નામેન્ટનું આયોજન થયું હતું ?

(A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) ચોથી — (B)

6. 'WPL 2024' અથવા 'વિમેન્સ પ્રીમિયર લીગ 2024' વિજેતા ટીમનું નામ શું છે ?

(A) દિલ્હી કેપિટલ્સ (B) યુ.પી.વોરિયર્સ

(C) ગુજરાત જાયન્ટ્સ (D) રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 19 માર્ચ, CRPF સ્થાપના દિવસ (CRPF Raising Day)

## ભારત-ભૂટાન સંબંધ (India-Bhutan Relations)



તાજેતરમાં ભૂટાનના વડાપ્રધાન શ્રી શેરિંગ તોબગેએ ભારતની મુલાકાત લીધી હતી.

- આ મુલાકાત દરમિયાન ભારતે ભૂટાન સાથે વ્યાપક વાટાઘાટો કરી હતી. અને બંને દેશોએ અનેક કરારો પર હસ્તાક્ષર કર્યા હતા.

### દ્વિપક્ષીય બેઠકના મુખ્ય મુદ્દાઓ

#### પેટ્રોલિયમ કરાર

બંને દેશોએ હાઈડ્રોકાર્બન ક્ષેત્રે આર્થિક સહયોગ અને વિકાસને પ્રોત્સાહન આપવા અને ભારતથી ભૂટાનને પેટ્રોલિયમ ઉત્પાદનોનો વિશ્વસનીય અને સતત પુરવઠો સુનિશ્ચિત કરવા પેટ્રોલિયમ ઉત્પાદનોના પુરવઠા અંગેના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

#### ખાદ્ય સુરક્ષા સહકાર

ભૂટાનની ફૂડ એન્ડ ડ્રગ્સ ઓથોરિટી અને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ખાદ્ય સુરક્ષા પગલામાં સહકાર વધારવા માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

- આ કરાર ખાદ્ય સુરક્ષા ધોરણોનું પાલન સુનિશ્ચિત કરીને અને પાલન ખર્ચમાં ઘટાડો કરીને બંને દેશો વચ્ચે વેપારને સરળ બનાવશે.

#### ઊર્જા કાર્યક્ષમતા અને સંરક્ષણ

બંને દેશોએ ઊર્જા કાર્યક્ષમતા અને સંરક્ષણ પર એક MoU પર હસ્તાક્ષર કર્યા હતા, જે ટકાઉ વિકાસ પ્રત્યે પ્રતિબદ્ધતા દર્શાવે છે.

- ભારતનો ઉદ્દેશ્ય ઘરોમાં ઊર્જા કાર્યક્ષમતા વધારવા, ઊર્જા–કાર્યક્ષમ ઉપકરણોના ઉપયોગને પ્રોત્સાહન આપવા અને ધોરણોને અમલમાં મૂકવાનો અને લેબલીંગ યોજનાઓ વિકસાવવામાં ભૂટાનને મદદ કરવાનો છે.

#### ગેલેફૂમાં ભૂટાનનું પ્રાદેશિક આર્થિક કેન્દ્ર

ગેલેફૂમાં પ્રાદેશિક આર્થિક હબ માટે ભૂટાનની યોજના પ્રાદેશિક વિકાસ અને કનેક્ટિવિટી તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ડિસેમ્બર, 2023માં ભૂટાનના રાજા દ્વારા શરૂ કરાયેલ આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય 1000 ચોરસ કિ.મી.માં ફેલાયેલ 'ગેલેફૂ માઈન્ડફૂલનેસ સિટી' સ્થાપિત કરવાનો છે.
- દક્ષિણ–પૂર્વ એશિયા અને ઈન્ડો–પેસિફિક પ્રદેશમાં ભારતની 'એક્ટ ઈસ્ટ' નીતિ અને ઉભરતી કનેક્ટિવિટી પહેલોના આંતરછેદ પર સ્થિત, ગેલેફૂ આર્થિક એકીકરણ અને વેપાર સુવિધાને પ્રોત્સાહન આપવા માટે વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવે છે.

## ભારત-ભૂટાન સંબંધ

ભારત અને ભૂટાન અનન્ય અને અનુકરણીય દ્વિપક્ષીય સંબંધો ધરાવે છે.

- જે પરસ્પર વિશ્વાસ, સદ્ભાવના અને સમજણ પર આધારિત છે.
- ભારત અને ભૂટાન વચ્ચે ઔપચારિક રાજદ્વારી સંબંધો 1968માં સ્થાપિત થયા હતા.
- ભારત–ભૂટાન સંબંધોનું મૂળ માળખું એ બંને દેશો વચ્ચે 1949માં હસ્તાક્ષર કરાયેલ મિત્રતા અને સહકારની સંધિ છે.
- જેનું ફેબ્રુઆરી 2007માં નવીનીકરણીય કરવામાં આવ્યું હતું.
- બંને દેશો વચ્ચે નિયમિત ઉચ્ચ સ્તરીય આદાનપ્રદાન દ્વારા દ્વિપક્ષીય સંબંધો આગળ વધ્યા છે.
- ભારત ભૂટાનનું સૌથી મોટું વેપારી ભાગીદાર છે. 2020માં દ્વિપક્ષીય વેપારનો હિસ્સો ભૂટાનના કુલ વેપારમાં 82.6% હતો.
- ભૂટાનની કુલ આયાતના 77.1% કરતા વધુ હિસ્સો ભારતમાંથી આયાત કરે છે.
- 1960ના દાયકાની શરૂઆતમાં જ્યારે ભૂટાને તેની પંચવર્ષીય યોજનાઓ શરૂ કરી ત્યારથી ભારત ભૂટાનના સામાજિક–આર્થિક વિકાસ માટે આર્થિક સહાયતા આપી રહ્યું છે.

## ભારત માટે ભૂટાનનું મહત્વ

ભૂટાન વ્યૂહાત્મક રીતે ભારત અને ચીન વચ્ચે સ્થિત છે.

- જે તેને ભારત માટે એક મહત્વપૂર્ણ બફર રાજ્ય બનાવે છે.
- ભૂટાનનું વ્યૂહાત્મક સ્થાન ભારતની સુરક્ષા સુનિશ્ચિત કરે છે. અને પ્રાદેશિક સ્થિરતા જાળવવામાં મદદ કરે છે.
- ભૂટાન ચાર ભારતીય રાજ્યો સાથે સરહદ વહેંચે છે : આસામ, અરૂણાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને સિક્કિમ.
- ભૂટાનની હાલની સરહદોની સુરક્ષા ખાસ કરીને તેની પશ્ચિમી સરહદની સુરક્ષા ભારત માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.
- ભૂટાન ભારતીય કોમોડિટીઝ માટે બજાર પૂરું પાડે છે અને તે ભારતીય રોકાણ માટેનું સ્થળ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભૂટાન હાઈડ્રોપાવરનો સમૃદ્ધ સ્ત્રોત છે.
- રાજકીય રીતે સ્થિર ભૂટાન ભારત માટે મહત્વપૂર્ણ છે.

### ભૂટાન

ભૂટાનનું સ્થાનિક નામ દ્રુક યુલ છે, જેનો અર્થ થાય છે, 'ગરજતા ડ્રેગનનો દેશ'.

- ભૂટાનની રાજધાની થિમ્ફુ છે.
- તેનું ચલણ Ngultrum (ન્ગુલત્રુમ) છે.
- ભૂટાનના વર્તમાન રાજા શ્રી જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુક છે.
- ભૂટાનની સૌથી લાંબી નદી માનસ નદી છે જેની લંબાઈ 376 કિમીથી વધુ છે.
- માનસ નદી એ દક્ષિણ ભૂટાન અને ભારત વચ્ચે હિમાલયની તળેટીમાં સ્થિત એક સીમાવર્તી નદી છે.
- ભૂટાનમાં સંસદીય રાજાશાહી છે.
- ભૂટાન માત્ર બે દેશો વચ્ચે સરહદો વહેંચે છે : ભારત અને તિબેટ, જે ચીનનો સ્વાયત્ત પ્રદેશ છે.

## ભારતીય નૌકાદળનું પ્રથમ સ્વતંત્ર હેડક્વાર્ટર : નૌસેના ભવન

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે દિલ્હી છાવણી ખાતે ભારતીય નૌકાદળના નવા હેડક્વાર્ટર 'નૌસેના ભવન'નું ઉદ્દ્ઘાટન કર્યુ હતું.

- આ અગાઉ નૌકાદળ 13 અલગ–અલગ સ્થળોએથી સંચાલન કરતું હતું, જેનાથી સંકલન કરવું મુશ્કેલ હતું.
- નૌસેના ભવનની આર્કિટેક્ચરલ ડિઝાઈનની પસંદગી અખિલ ભારતીય સ્પર્ધા દ્વારા કરવામાં આવી હતી.
- આ ઈમારતમાં કાર્યક્ષમતા અને ટકાઉપણુ માટે નવીન તકનીકોનો સમાવેશ કરીને ચાર માળની ત્રણ પાંખો છે.
- તે દિલ્હીમાં નૌકાદળના પ્રથમ સ્વતંત્ર મુખ્ય મથકને ચિન્હિત કરે છે, જે તેની આર્કિટેક્ચરલ ડિઝાઈનમાં કાર્યક્ષમતા અને સૌંદર્ય શાસ્ત્ર પર ભાર મૂકે છે.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતના પ્રથમ ઈન્ડોર એથ્લેટિક્સ અને એક્વેટિક સેન્ટરનું ઉદ્‌ઘાટન

ઓડિશાના મુખ્યમંત્રી શ્રી નવીન પટનાયકે ભૂવનેશ્વરના કલિંગા સ્ટેડિયમ ખાતે ભારતના પ્રથમ ઈન્ડોર એથ્લેટિક્સ સ્ટેડિયમ અને ઈન્ડોર એક્વેટિક સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.



- આ ઉપરાંત તેમણે સ્ટેડિયમ સંકુલમાં નવા ઈન્ડોર ડાઈવિંગ સેન્ટરનો પણ શિલાન્યાસ કર્યો હતો.
- 120 કરોડ રુપિયાના ખર્ચે આ સ્ટેડિયમમાં 120 ખેલાડીઓને કોચિંગ સુવિધાઓ, તબીબી સંભાળ અને પેન્ટ્રીની સુવિધા છે.
- ઈટાલિયન કંપની મોન્ડો એસપીએ સ્ટેડિયમમાં 10,000 ચોરસ મીટરનો ટ્રેક તૈયાર કર્યો છે.
- સ્ટેડિયમમાં લાંબી કુદ, ટ્રિપલ જમ્પ, 100 મીટર અને 200 મીટર રેસ ટ્રેક, પોલ વોલ્ટ અને શોટ પુટ ઈવેન્ટ્સ માટેની સુવિધાઓ છે.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. કયા દિવસે 'CRPF સ્થાપના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 18 માર્ચ (B) 19 માર્ચ (C) 20 માર્ચ (D) 21 માર્ચ (B)

2. તાજેતરમાં ભૂટાનના વડાપ્રધાન ભારતની મુલાકાતે આવ્યા હતા. તેનું નામ જણાવો ?

(A) શ્રી ખાંડુ વાંગસુક નામગ્યાલમ (B) શ્રી યેશે ઝિબા નામગ્યાલમ

(C) શ્રી શેરિંગ થિન્લી તોબગે (D) શ્રી શેરિંગ તોબગે (D)

3. નીચે આપેલ રાજ્યો પૈકી કયું રાજ્ય ભૂટાન સાથે સરહદ ધરાવતું નથી ?

(A) અરૂણાચલ પ્રદેશ (B) ઉત્તરાખંડ

(C) પશ્ચિમ બંગાળ (D) સિક્કિમ (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં ભારતીય નૌકાદળે 'નૌસેના ભવન' નામનું તેનું પ્રથમ સ્વતંત્ર હેડક્વાર્ટર કયા સ્થળે સ્થાપ્યું છે ?

(A) નવી દિલ્હી (B) ગાંધીનગર

(C) વિશાખાપટ્ટનમ (D) મુંબઈ (A)

5. તાજેતરમાં ભારતના પ્રથમ ઈન્ડોર એથ્લેટિક્સ સ્ટેડિયમ અને ઈન્ડોર એક્વેટિક સેન્ટરનું ઉદ્‌ઘાટન કયા રાજ્યમાં થયું છે ?

(A) ઓડિશા (B) કર્ણાટક (C) તમિલનાડુ (D) મહારાષ્ટ્ર (A)

## દિવસ મહિમા : 20 માર્ચ, (1) આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ (International Happiness Day)
## (2) વિશ્વ ચકલી દિવસ (World Sparrow Day)

### આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ




સમગ્ર વિશ્વમાં 20 માર્ચના રોજ 'આંતરરાષ્ટ્રીય ખુશી અથવા તો પ્રસન્નતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા વર્ષ **2012**માં આ દિવસની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ **2013**થી દર વર્ષે 20 માર્ચના રોજ **International Happiness Day**ની ઉજવણી કરવામાં આવે છે.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2024ની 'આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ'ની થીમ '**Reconnecting for Happiness : Building Resilient Communities**' છે.

### વિશ્વ ચકલી દિવસ



ચકલીના સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે સમગ્ર વિશ્વમાં 20 માર્ચના રોજ 'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ફ્રાન્સની 'ઈકો–સીઝ એક્શન ફાઉન્ડેશન' અને વિશ્વના અન્ય સંગઠનો સાથે મળીને ભારતની 'નેચર ફોરેવર સોસાયટી ઓફ ઈન્ડિયા' દ્વારા શરૂ કરવામાં આવેલી આ એક પહેલ છે.
- આ અંતર્ગત સૌપ્રથમ વર્ષ **2010**માં પ્રથમ 'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- ભારતમાં ચકલીના સંરક્ષણ માટે નાસિકના નિવાસી શ્રી મોહમ્મદ દિલાવર નામના વ્યક્તિએ 'નેચર ફોરેવર સોસાયટી ઓફ ઈન્ડિયા'ની સ્થાપના કરી હતી.
- પર્યાવરણના સંરક્ષણ માટે 'નેચર ફોરેવર સોસાયટી ઓફ ઈન્ડિયા' દ્વારા **20 માર્ચ, 2011**થી ગુજરાતના અમદાવાદ ખાતેથી 'ચકલી એવોર્ડ'નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

## વિશ્વ ચકલી દિવસ 2024ની થીમ

વર્ષ 2024ની 'વિશ્વ ચકલી દિવસ'ની થીમ I LOVE Sparrows' છે.

## LAMITIYE-2024 : ભારત-સેશેલ્સ



તાજેતરમાં ભારતીય સેનાની ટુકડીએ સેશેલ્સ ડિફેન્સ ફોર્સીસ (SDF) સાથે સંયુક્ત લશ્કરી કવાયત 'LAMITIYE 2024'ની 10મી આવૃત્તિમાં ભાગ લીધો હતો.

- LAMITIYEનો અર્થ ક્રિયોલ ભાષામાં 'મિત્રતા' થાય છે, તે 2001થી દ્વિવાર્ષિક તાલીમ કાર્યક્રમ છે.
- આ કવાયતનો ઉદ્દેશ્ય શાંતિ જાળવણી કામગીરી પર સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના પ્રકરણ VII હેઠળ અર્ધ–શહેરી વાતાવરણમાં પેટા– પરંપરાગત કામગીરીમાં આંતરપ્રક્રિયાને વધારવાનો છે.
- આ કવાયત શાંતિ જાળવણી કામગીરી દરમિયાન બંને પક્ષો વચ્ચે સહકાર અને આંતરકાર્યક્ષમતા વધારશે.
- આ કવાયત બંને સેનાઓ વચ્ચે કુશળતા, અનુભવો અને સારી પ્રથાઓની આપ–લે ઉપરાંત દ્વિપક્ષીય સૈન્ય સંબધોનું નિર્માણ અને પ્રોત્સાહન પણ આપશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## CBSEના નવા અધ્યક્ષ તરીકે શ્રી રાહુલ સિંઘની નિમણૂક

વરિષ્ઠ IAS અધિકારી શ્રી રાહુલ સિંઘની CBSEના નવા અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- આ નિમણૂક કેન્દ્ર દ્વારા વરિષ્ઠ–સ્તરના અમલદારશાહી ફેરબદલનો એક ભાગ છે.
- તેઓ CBSEના અધ્યક્ષ તરીકે નિધિ છિબ્બરનું સ્થાન લેશે.

## CBSE

CBSEનું પૂરું નામ 'સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન' (કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ) છે.

- CBSEની સ્થાપના 3 નવેમ્બર, 1962ના રોજ થઈ હતી.
- તેનું વડું મથક 'શિક્ષા કેન્દ્ર' નવી દિલ્હી ખાતે આવેલું છે.
- તેનું આદર્શ વાક્ય 'અસતો મા સદ્‌ગમય' છે.
- CBSEની વેબસાઈટનું નામ www.cbse.nic.in છે.
- CBSE દ્વારા હિન્દી અને અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપવામાં આવે છે.
- CBSE ભારતના શાળાકીય શિક્ષણનું મુખ્ય બોર્ડ છે.

**નોંધ :** (1) ભારતમાં સૌપ્રથમ 1921માં 'ઉત્તરપ્રદેશ બોર્ડ ઓફ હાઈસ્કૂલ એન્ડ ઈન્ટરમીડિયા એજ્યુકેશન બોર્ડ'ની સ્થાપના કરવામાં આવી હતી. ભારતમાં સ્થપાયેલું આ પ્રથમ શિક્ષણ બોર્ડ હતું. રાજપૂતાના, મધ્યભારત અને ગ્વાલિયર તેના અધિકાર ક્ષેત્રમાં આવતા હતા.

(2) ત્યારબાદ ભારતના તમામ ક્ષેત્રો માટે ઈ.સ. 1929માં એક સંયુક્ત બોર્ડની સ્થાપના કરવામાં આવી હતી. તેને 'બોર્ડ ઓફ હાઈસ્કૂલ એન્ડ ઈન્ટરમીડિયેટ એજ્યુકેશન રાજપૂતાના' નામ આપવામાં આવ્યું હતું.

(3) ત્યારબાદ ઈ.સ. 1952માં રાજપૂતાના બોર્ડના ક્ષેત્રોમાં વધારો કરીને તેને વર્તમાન નામ CBSE આપવામાં આવ્યું.

(4) અને અંતે 3 નવેમ્બર, 1962ના રોજ CBSEનું પુનર્ગઠન કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. સયુંક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ' અથવા તો 'International Happiness Day' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 18 માર્ચ (B) 19 માર્ચ (C) 20 માર્ચ (D) 21 માર્ચ — (C)

2. 'વિશ્વ ચકલી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 માર્ચ (B) 19 માર્ચ (C) 20 માર્ચ (D) 21 માર્ચ — (C)

3. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયત 'LAMITIYE 2024' યોજાઈ હતી ?

(A) સેશેલ્સ (B) મોરેશિયસ (C) ઓમાન (D) ફિલિપાઈન્સ — (A)

4. તાજેતરમાં 'સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન' (CBSE)ના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી સંદીપ જૈન (B) શ્રી રાહુલ સિંઘ

(C) શ્રી એમ.જોશી (D) શ્રી રાજીવ ભટ્ટ — (B)

3. તાજેતરમાં સમાચારમાં રહેલ 'CBSE' બોર્ડનું પૂરું નામ જણાવો ?

(A) Central Board for Secondary Education

(B) Central Board of Secondary Examination

(C) Central Board of Secondary Education

(D) Central Board for Secondary Examination — (C)

4. CBSEનું આદર્શ (ધ્યેય) વાક્ય શું છે ?

(A) અસતો મા સદ્‌ગમય (B) શ્રદ્ધાવન લભતે જ્ઞાનમ

(C) સર્વત્ર વિદ્યા વર્ધતે પ્રજા (D) સા વિદ્યા વિમુક્તયે — (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

દિવસ મહિમા : 21 માર્ચ,
(1) આંતરરાષ્ટ્રીય વન દિવસ (International Day of Forest)
(2) વિશ્વ કવિતા દિવસ (World Poetry Day)
(3) આંતરરાષ્ટ્રીય જાતિવાદી ભેદભાવ નાબૂદી દિવસ
(4) આંતરરાષ્ટ્રીય નૌરોઝ દિવસ (International Nowruz Day)
(5) વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસ (World Down Syndrome Day)
(6) આંતરરાષ્ટ્રીય કલર દિવસ (International Colour Day)

## આંતરરાષ્ટ્રીય વન દિવસ




વન સંરક્ષણ વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 માર્ચના રોજ 'આંતરરાષ્ટ્રીય વન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સયુંક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા 28 નવેમ્બર, 2012ના રોજ 21 માર્ચને આંતરરાષ્ટ્રીય વન દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
- આ અંતર્ગત 21 માર્ચ 2013ના રોજ સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય વન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2024ની 'આંતરરાષ્ટ્રીય વન દિવસ'ની થીમ 'Forests and Innovation : New Solutions for a Better World' છે.

## વિશ્વ કવિતા દિવસ

વિશ્વભરમાં કવિતાના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 માર્ચના રોજ 'વિશ્વ કવિતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

Join Whatsapp Group joinicerajkot.com CLICK HERE icerajkot

- 1999માં પેરિસ ખાતે યોજાયેલા યુનેસ્કોના 30મા સત્રમાં યુનેસ્કો દ્વારા 21 માર્ચના રોજ વિશ્વ કવિતા દિવસની ઉજવણી કરવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય કવિતા ચળવળને નવી માન્યતા અને પ્રોત્સાહન આપવાનો છે.




નોંધ : (1) UNESCOનું પૂરું નામ 'યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન' છે.

(2) યુનેસ્કોનું વડું મથક ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે.

## World Happiness Report 2024

યુનાઈટેડ નેશન્સના સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન્સ નેટવર્ક (SDSN) દ્વારા તાજેતરમાં વર્ષ 2024નો 'વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.



- આ રિપોર્ટમાં ભારત 126મા ક્રમે છે.
- આ અગાઉ પ્રસિદ્ધ થયેલા ઈન્ડેક્સમાં પણ ભારત 126મા ક્રમે હતું.
- આ રિપોર્ટ અનુસાર વિશ્વમાં ફિનલેન્ડના લોકો સૌથી વધુ ખુશ છે, એટલે કે તે આ રિપોર્ટમાં પ્રથમ ક્રમે છે.
- ફિનલેન્ડ બાદ ક્રમશઃ ડેનમાર્ક, આઈસલેન્ડ, સ્વીડન અને ઈઝરાયેલ આ રિપોર્ટમાં ટોચના પાંચ સ્થાને છે.
- જ્યારે અફઘાનિસ્તાન આ રિપોર્ટમાં અંતિમ 143મા ક્રમે છે.

### વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2024 Rank

| ક્રમ | દેશ | ક્રમ | દેશ |
|---|---|---|---|
| 1 | ફિનલેન્ડ | 60 | ચીન |
| 2 | ડેનમાર્ક | 93 | નેપાળ |
| 3 | આઈસલેન્ડ | 108 | પાકિસ્તાન |
| 4 | સ્વીડન | 118 | મ્યાનમાર |
| 5 | નેધરલેન્ડ | 126 | ભારત |
| 20 | યુ.કે. | 128 | શ્રીલંકા |
| 23 | અમેરિકા | 129 | બાંગ્લાદેશ |
| 51 | જાપાન | 143 | અફઘાનિસ્તાન |

**નોંધ :** (1) આ રિપોર્ટ તૈયાર કરવા માટે માથાદીઠ આવક, સુશાસન, ભ્રષ્ટાચાર, દેશનો સોશિયલ સપોર્ટ, સ્વસ્થ રહેવાની આશા, નિર્ણયો લેવાની આઝાદી, દેશના નાગરિકોનું સરેરાશ આયુષ્ય વગેરે બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે.

(2) વિશ્વમાં હેપ્પીનેસ માપવાનો ખ્યાલ સૌપ્રથમ ભૂટાન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. ભૂટાનના પ્રસ્તાવથી યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ 2012થી આ રિપોર્ટનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

(3) ફિનલેન્ડ સતત સાતમાં વર્ષે આ રિપોર્ટમાં પ્રથમ ક્રમે યથાવત રહ્યું છે.

## વ્લાદિમીર પુતિન પાંચમી વખત રશિયાના રાષ્ટ્રપતિ બન્યા



વ્લાદિમીર પુતિન સતત પાંચમી વખત રશિયાના રાષ્ટ્રપતિ બન્યા છે.

- 15-17 માર્ચના રોજ યોજાયેલા મતદાનમાં તેમને 87% મત મળ્યા હતા.
- જ્યારે નિકોલે ખારીતોનોવ લગભગ 4 ટકા મત સાથે બીજા સ્થાને રહ્યા હતા.
- ભૂતપૂર્વ કેજીબી લેફ્ટનન્ટ કર્નલ વ્લાદિમીર પુતિન પ્રથમ વખત 1999માં સત્તામાં આવ્યા હતા, જ્યારે બોરિસ યેલત્સિનના રાજીનામા બાદ તેમને કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- તેમણે માર્ચ 2000માં તેમની પ્રથમ રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી હતી અને 2004માં બીજી મુદત જીતી હતી.
- સતત બે ટર્મ સેવા આપ્યા બાદ તેમણે 2008માં વડાપ્રધાનની ભૂમિકા સંભાળી હતી, જેથી રાજ્યના વડા તરીકે સતત બે ટર્મથી વધુ સેવા આપવા પરના બંધારણીય પ્રતિબંધને બાયપાસ કરી શકાય.
- તેઓ 2012માં રાષ્ટ્રપતિ પદ પર પાછા ફર્યા અને 2018માં ચોથી ટર્મ જીત્યા હતા.

**નોંધ :** (1) રશિયાની રાજધાની અને સૌથી મોટું શહેર મોસ્કો છે.

(2) રશિયાનું ચલણ 'રશિયન રૂબલ' છે તથા સત્તાવાર ભાષા રશિયન છે.

(3) રશિયાના વર્તમાન વડાપ્રધાન મિખાઈલ મિશુસ્તિન છે.

(4) રશિયાની સંસદ અથવા ધારાસભા ડ્યૂમા તરીકે ઓળખાય છે.

(5) રશિયા ભારત માટે કાયમી અને વિશ્વાસપાત્ર ભાગીદાર રહ્યું છે અને તેમના દ્વિપક્ષીય સંબંધોનો વિકાસ એ ભારતની વિદેશ નીતિનો પાયાનો આધાર રહ્યો છે.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ કવિતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ **(C)**

2. 'આંતરરાષ્ટ્રીય જાતિવાદી ભેદભાવ નાબૂદી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ **(C)**

3. 'આંતરરાષ્ટ્રીય નૌરાઝ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ **(C)**

4. 'વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ **(C)**

5. 'વિશ્વ કલર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ **(C)**

6. 'આંતરરાષ્ટ્રીય વન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ **(C)**

7. વર્ષ 2024ની 'આંતરરાષ્ટ્રીય વન દિવસ'ની થીમ શું છે ?

(A) Forests and Innovation : New Solutions for a Better World

(B) Forests and World Animal

(C) Forests and World Pollution

(D) Forests and World Environment **(A)**

8. 'વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2024'માં ભારત કયા ક્રમે છે ?

(A) 122 (B) 126 (C) 131 (D) 136 **(B)**

9. 'વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2024'માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

(A) નોર્વે (B) ફિનલેન્ડ (C) ડેનમાર્ક (D) નેધરલેન્ડ **(B)**

10. તાજેતરમાં શ્રી વ્લાદિમીર પુતિન સતત કેટલામી વખત રશિયાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે ?

(A) ત્રીજી (B) ચોથી (C) પાંચમી (D) છઠ્ઠી **(C)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 22 માર્ચ, વિશ્વ જળ દિવસ (World Water Day)




સમગ્ર વિશ્વમાં શુદ્ધ પાણીના મહત્ત્વ અંગે જાગૃતિ ફેલાવવા માટે યુનાઈટેડ નેશન્સ દ્વારા દર વર્ષે 22 માર્ચના રોજ 'વિશ્વ જળ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો અન્ય એક હેતુ શુદ્ધ પાણીના સંસાધનોના શ્રેષ્ઠ મેનેજમેન્ટનો પણ છે.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા સૌપ્રથમ વખત 22 માર્ચ, 1993ના રોજ પ્રથમ 'વિશ્વ જળ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2024ની 'વિશ્વ જળ દિવસ'ની થીમ 'Water for Peace' છે.

**નોંધ :** સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ડિસેમ્બર 1992માં દર વર્ષે 22 માર્ચના રોજ 'વિશ્વ જળ દિવસ' ઉજવવાની સ્વીકૃતિ આપવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નેપાળએ પોખરાને તેની પર્યટન રાજધાની જાહેર કરી



પર્યટન ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે મહત્ત્વપૂર્ણ પગલામાં નેપાળ સરકારે ગંડકી પ્રાંતના સુંદર શહેર પોખરાને તેની પર્યટન રાજધાની તરીકે સત્તાવાર જાહેરાત કરી છે.

- આ ઔપચારિક જાહેરાત સુંદર ફેવા તળાવના કિનારે સ્થિત બારાહી ઘાટ ખાતે આયોજિત એક વિશેષ સમારોહ દરમિયાન કરવામાં આવી હતી.
- પોખરા તેની પ્રાકૃતિક સુંદરતા અને નેપાળમાં પ્રવાસન કેન્દ્ર તરીકે જાણીતું છે.
- નેપાળની અર્થવ્યવસ્થામાં પ્રવાસન ઉદ્યોગનો મોટો ફાળો છે અને પોખરાને પ્રાધાન્ય આપવાના સરકારના નિર્ણયને આ ક્ષેત્રના વધુ વિકાસ તરફ વ્યૂહાત્મક પગલા તરીકે જોવામાં આવે છે.

## ટાઈગર ટ્રાયમ્ફ-24 (Tiger Triumph-24)

ભારત અને અમેરિકાની નૌકાદળોએ ભારતના પૂર્વીય દરિયા કિનારે 'ટાઈગર ટ્રાયમ્ફ-24' નામની દ્વિપક્ષીય માનવતાવાદી સહાયતા અને આપત્તિ રાહત (HADR) કવાયત શરૂ કરી છે.

- 18 માર્ચ, 2024થી શરૂ થયેલી સપ્તાહ લાંબી કવાયતમાં ભારતીય નૌકાદળ, ભારતીય સેના અને ભારતીય વાયુસેના તેમજ યુ.એસ નેવી, યુએસ મરીન કોર્પ્સ અને યુએસ આર્મીના યુદ્ધ જહાજો તથા સૈનિકો સામેલ થશે.
- આ કવાયતના હાર્બર તબક્કામાં પ્રી–સેલ ચર્ચાઓ, વ્યવસાયિક વિષયો પર સબજેક્ટ મેટર એક્સપર્ટ એક્સચેન્જ અને વિવિધ કાર્યોના આયોજન અને અમલીકરણ પ્રક્રિયાઓ પર વિચાર–વિમર્શનો સમાવેશ થશે.
- હાર્બર તબક્કા બાદ દરિયાઈ તબક્કામાં ઈન્જેક્ટેડ પરિસ્થિતિઓને અનુરૂપ મેરીટાઈમ, એમ્ફિબિયસ અને HADR કામગીરી હાથ ધરશે.
- આ કવાયતમાં ભારતીય નૌકાદળની સહભાગિતામાં હેલિકોપ્ટર અને લેન્ડિંગ ક્રાફ્ટ સાથે જહાજોનો સમાવેશ થાય છે.
- જ્યારે યુએસ સેનાનું પ્રતિનિધિત્વ યુએસ મરીન કોર્પ્સ અને યુએસ આર્મીના સૈનિકો સહિત યુએસ નેવીના યુદ્ધ જહાજો દ્વારા કરવામાં આવી રહ્યું છે.

**નોંધ :** (1) 'ટાઈગર ટ્રાયમ્ફ' નામ બંને દેશોના રાષ્ટ્રીય પ્રાણીઓ પરથી લેવામાં આવ્યું છે : ભારતનો બેંગલ ટાઈગર અને અમેરિકાનું બાલ્ડ ઈગલ

(2) 2004ના સુનામીના પ્રતિભાવે વિશિષ્ટ HADR સાધનો અને ક્ષમતાઓનું મહત્ત્વ દર્શાવ્યું હતું. જ્યારે ભારતીય નૌકાદળે માનવતાવાદી સહાયતા મિશન માટે વિનાશક અને ફ્રિગેટ્સ સહિત તેની ઉપલબ્ધ સંપત્તિઓને તૈનાત કરવામાં નોંધપાત્ર હિંમત અને કોઠા સૂઝનું પ્રદર્શન કર્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ‘વિશ્વ જળ દિવસ’ (World Water Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 માર્ચ (B) 21 માર્ચ (C) 22 માર્ચ (D) 23 માર્ચ **(C)**

2. વર્ષ 2024ની ‘વિશ્વ જળ દિવસ’ની થીમ શું છે ?

(A) Why Wast Water ?

(B) Water for Peace

(C) Water and Climat Change

(D) Water and Energy **(B)**

3. નેપાળે નીચેનામાંથી કોને તેની પર્યટન રાજધાની જાહેર કરી છે ?

(A) પોખરા (B) ધરાન (C) જનકપુર (D) બીરાટનગર **(A)**

4. ભારત અને કયા દેશ વચ્ચે ‘ટાઈગર ટ્રાયમ્ફ-24’ નામની દ્વિપક્ષીય માનવતાવાદી સહાયતા અને આપત્તિ રાહત (HADR) કવાયત યોજાઈ હતી ?

(A) ઈજિપ્ત (B) ઈરાન (C) ઓસ્ટ્રેલિયા (D) અમેરિકા **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




## દિવસ મહિમા : 23 માર્ચ, (1) શહીદ દિવસ
## (2) વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ
## (World Meteorological Day)

### શહીદ દિવસ




23 માર્ચ, 1931ના રોજ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના વીર ક્રાંતિકારી શ્રી ભગતસિંહ, શ્રી સુખદેવ અને શ્રી રાજગુરૂને 'લાહોર ષડયંત્ર કેસ'માં ફાંસી આપવામાં આવી હતી.

- આથી, આ વીર શહીદોની યાદમાં ભારતમાં દર વર્ષે 23 માર્ચના રોજ આ શહીદોની પૂણ્યતિથિ અથવા શહીદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

**નોંધ :** મહાત્મા ગાંધીજીની પુણ્યતિથિ 30 જાન્યુઆરીના દિવસને પણ શહીદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

### વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ

World Meterological Organizationની સ્થાપના 23 માર્ચ, 1950ના રોજ થઈ હતી.

- આથી, આ દિવસની યાદમાં દર વર્ષે 23 માર્ચના રોજ 'World Meteorological Day' અથવા તો 'વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

**નોંધ :** (1) World Meteorological Organization એ સંયુક્ત રાષ્ટ્રની એક ખાસ શાખા છે.
(2) તેનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના જિનીવા ખાતે આવેલું છે.
(3) 'વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ'ને 'વિશ્વ હવામાન દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

## World Air Quality Report 2023



IQAir દ્વારા તાજેતરમાં 'Air Quality Report 2023' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટમાં ભારતને વિશ્વના ત્રીજા સૌથી પ્રદૂષિત દેશ તરીકે ઓળખવામાં આવ્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતને **54.4 માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરની** સરેરાશ વાર્ષિક **PM2.5 સાંદ્રતા સાથે** વિશ્વના ત્રીજા સૌથી પ્રદૂષિત દેશ તરીકે સ્થાન મળ્યું છે.
- આ રિપોર્ટ મુજબ સૌથી વધુ પ્રદૂષિત દેશ બાંગ્લાદેશ છે ત્યારબાદ પાકિસ્તાનનો ક્રમ આવે છે.
- આ રિપોર્ટ દર્શાવે છે કે ભારત હજુ પણ વાયુ પ્રદૂષણની ગંભીર કટોકટીનો સામનો કરી રહ્યું છે.
- દિલ્હી સતત ચોથી વખત વિશ્વની સૌથી પ્રદૂષિત રાજધાની તરીકે ઉભરી આવ્યું છે.
- જ્યારે બિહારનું બેગુસરાય સૌથી પ્રદૂષિત મેટ્રોપોલિટન વિસ્તાર છે.

## વિશ્વના ટોચના સૌથી વધુ એર પ્રદૂષિત શહેરો

| ક્રમ | શહેર | દેશ | PM2.5 સાંદ્રતા |
|---|---|---|---|
| 1 | બેગુસરાય | ભારત | 118.9 |
| 2 | ગુવાહાટી | ભારત | 105.4 |
| 3 | દિલ્હી | ભારત | 92.7 |

## વિશ્વના 10 સૌથી વધુ એર પ્રદૂષિત દેશો

| ક્રમ | દેશ | ક્રમ | દેશ |
|---|---|---|---|
| 1 | બાંગ્લાદેશ | 6 | ઈરાક |
| 2 | પાકિસ્તાન | 7 | UAE |
| 3 | ભારત | 8 | નેપાળ |
| 4 | તઝાકિસ્તાન | 9 | ઈજિપ્ત |
| 5 | બુર્કિના ફાસો | 10 | ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો |

## વિશ્વની 5 સૌથી વધુ એર પ્રદૂષિત રાજધાની

| ક્રમ | રાજધાની | દેશ |
|---|---|---|
| 1 | નવી દિલ્હી | ભારત |
| 2 | ઢાકા | બાંગ્લાદેશ |
| 3 | ઓગાડોગૌ | બુર્કિના ફાસો |
| 4 | દુશાન્બે | તઝાકિસ્તાન |
| 5 | બગદાદ | ઈરાક |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રિપોર્ટ વિશે અન્ય માહિતી

IQAir <u>સ્વિસ એર ક્વોલિટી ટેક્નોલોજી કંપની</u> છે. જે વિશ્વભરમાં સરકારો અને અન્ય સંસ્થાઓ તથા સંગઠનો દ્વારા સંચાલિત છે.

- આ રિપોર્ટ અનુસાર વિશ્વના ટોચના 10 સૌથી પ્રદૂષિત શહેરોમાંથી <u>9 ભારતના</u> છે.
- લગભગ 136 મિલિયન ભારતીયો <u>PM2.5 સાંદ્રતાનો</u> સામનો કરે છે, જે વિશ્વ આરોગ્ય સંસ્થાના 5 માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરના અગ્રહણીય સ્તર કરતા વધારે છે.
- WHOની વાર્ષિક PM2.5 માર્ગદર્શિકાને પૂર્ણ કરનારા સાત દેશોમાં <u>ઓસ્ટ્રેલિયા</u>, <u>એસ્ટોનિયા</u>, <u>ફિનલેન્ડ</u>, <u>ગ્રેનાડા</u>, <u>આઈસલેન્ડ</u>, <u>મોરેશિયસ</u> અને <u>ન્યુઝિલેન્ડ</u>નો સમાવેશ થાય છે.
- ચીન અને ચિલી સહિતના કેટલાક દેશોએ PM2.5 પ્રદૂષણના સ્તરમાં ઘટાડો નોંધ્યો છે, જે વાયુ પ્રદૂષણ સામે લડવામાં પ્રગતિ દર્શાવે છે.
- પાર્ટિક્યુલેટ મેટર <u>(PM2.5) એ 2.5 માઈક્રોમીટરથી ઓછા વ્યાસ ધરાવતા વાતાવરણીય કણોનો</u> સંદર્ભ આપે



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ભારતના વીર ક્રાંતિકારી શ્રી ભગતસિંહ, શ્રી સુખદેવ અને શ્રી રાજગુરુને ક્યારે ફાંસી આપવામાં આવી હતી ?

(A) 23 માર્ચ, 1930 (B) 23 માર્ચ, 1931

(C) 23 માર્ચ, 1932 (D) 23 માર્ચ, 1933 (B)

2. 'વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ' અથવા 'વિશ્વ હવામાન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 માર્ચ (B) 22 માર્ચ (C) 23 માર્ચ (D) 24 માર્ચ (C)

3. તાજેતરમાં IQAir દ્વારા પ્રસિદ્ધ થયેલા 'Air Quality Report 2023' અનુસાર વિશ્વના સૌથી વધુ એર પ્રદૂષિત શહેરોમાં કયું શહેર પ્રથમ ક્રમે છે ?

(A) લાહોર (B) ભિવાડી (C) બેગુસરાય (D) દિલ્હી (C)

4. તાજેતરમાં IQAir દ્વારા પ્રસિદ્ધ થયેલા 'Air Quality Report 2023' અનુસાર વિશ્વના સૌથી વધુ એર પ્રદૂષિત દેશોમાં કયો દેશ પ્રથમ ક્રમે છે ?

(A) બાંગ્લાદેશ (B) ચાડ (C) પાકિસ્તાન (D) ભારત (A)

5. તાજેતરમાં IQAir દ્વારા પ્રસિદ્ધ થયેલા 'Air Quality Report 2023' અનુસાર વિશ્વના સૌથી વધુ પ્રદૂષિત દેશોની યાદીમાં ભારતનો ક્રમ કયો છે ?

(A) ત્રીજો (B) ચોથો (C) પાંચમો (D) છઠ્ઠો (A)

6. તાજેતરમાં IQAir દ્વારા પ્રસિદ્ધ થયેલા 'Air Quality Report 2023' અનુસાર વિશ્વના સૌથી વધુ એર પ્રદૂષિત રાજધાની શહેરોમાં કઈ રાજધાની પ્રથમ ક્રમે છે ?

(A) એન'જામેના (ચાડ) (B) બગદાદ (ઈરાક)

(C) ઢાકા (બાંગ્લાદેશ) (D) નવી દિલ્હી (ભારત) (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# NEWS IN SHORTS

## ગુજરાત

### ➤ ગાંધીનગરમાં 'નાદ બ્રહ્મ' કલા કેન્દ્રનું ખાતમૂહુર્ત



ભારતીય સંગીત કલાની તમામ વિદ્યાનું જ્ઞાન એક છત નીચે મળી રહે તેવા ઉમદા હેતુથી ગાંધીનગરમાં મનમંદિર ફાઉન્ડેશન દ્વારા સેક્ટર 1 ખાતે ભવ્યાતિભવ્ય 'નાદ બ્રહ્મ' કલા કેન્દ્રનું નિર્માણ કરવામાં આવનાર છે. તેનું ખાતમૂહુર્ત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ભાજપા અધ્યક્ષ સી.આર.પાટીલ દ્વારા કરવામાં આવ્યું હતું. નાદ બ્રહ્મ કલા કેન્દ્ર અદ્યતન સુવિધાઓથી સજ્જ હશે. જેમાં 200 વ્યક્તિની ક્ષમતા સાથેનું થિયેટર, 2 બ્લેક બોક્સ થિયેટર, સંગીત અને નૃત્ય શિખવા 12 થી વધુ બહુઉદ્દેશીય વર્ગ, અભ્યાસ અને સાધના માટે 5 પર્ફોર્મિંગ સ્ટૂડિયો, 1 ઓપન થિયેટર, આધુનિક લાયબ્રેરી અને સંગીત ઈતિહાસને પ્રદર્શિત કરતું સંગ્રહાલયનો સમાવેશ થાય છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

### ➤ ભારત અને બ્રાઝિલ વચ્ચે પ્રથમ 2+2 મંત્રાણા



ભારત અને બ્રાઝિલે તેમની પ્રથમ 2+2 સંરક્ષણ અને વિદેશ મંત્રી સ્તરની વાટાઘાટો યોજી હતી, જેમાં મુખ્ય ક્ષેત્રોમાં સહકાર અંગે ચર્ચા કરવામાં આવી હતી. વાટાઘાટોમાં ઊર્જા, મહત્ત્વપૂર્ણ ખનિજો, ટેક્નોલોજી અને આતંકવાદ વિરોધી સહિતના વિવિધ ક્ષેત્રોમાં સહકાર વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. 2+2 સંરક્ષણ અને વિદેશ મંત્રી સ્તરીય સંવાદમાં વ્યૂહાત્મક અને સુરક્ષા–સંબંધિત મુદ્દાઓ તેમજ રાજદ્વારી બાબતો પર ચર્ચા કરવા માટે બંને દેશોના સંરક્ષણ અને વિદેશ મંત્રીઓ તેમજ તેમના સંબંધિત સમકક્ષોની ભાગીદારીનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે ભારત અમેરિકા, ઓસ્ટ્રેલિયા, જાપાન અને રશિયા જેવા વ્યૂહાત્મક ભાગીદારો સાથે 2+2 સંવાદ કરે છે. ભારતની સૌથી પ્રારંભિક અને સૌથી મહત્ત્વપૂર્ણ 2+2 સંવાદ ભાગીદારોમાં અમેરિકાનું સ્થાન છે.

➤ **ઈથેનોલ 100**




પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે મહારાષ્ટ્ર, કર્ણાટક, ઉત્તરપ્રદેશ, નવી દિલ્હી અને તમિલનાડુમાં પસંદગીના 183 રિટેલ આઉટલેસ પર 'ઈથેનોલ 100' લોન્ચ કર્યુ છે. ઈથેનોલ 100 એ એક મહત્ત્વપૂર્ણ ઓટોમોટિવ ઈંધણ છે જેમાં 100% ઈથેનોલ હોય છે. તે મકાઈ, શેરડી અથવા અન્ય છોડ સામગ્રી જેવા નવીનીકરણીય સ્ત્રોતોમાંથી ઉત્પાદિત બાયોફ્યુઅલ છે. ઈથેનોલ 100નો ઉદ્દેશ અશ્મિભૂત ઈંધણ પર નિર્ભરતા ઘટાડવા, સ્થિરતાને પ્રોત્સાહન આપવા અને પરંપરાગત ગેસોલિનની તુલનામાં ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડીને સ્વચ્છ વાતાવરણમાં યોગદાન આપવાનો છે.

➤ **પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા**

જાહેર આરોગ્યની શાળાઓના શરૂઆતના રેન્કિંગમાં પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા (PHFI)એ લંડન સ્કૂલ ઓફ હાઈજન એન્ડ ટ્રોપિકલ મેડિસિનને પાછળ રાખીને વૈશ્વિક સ્તરે બીજું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. આ રેન્કિંગ ઈન્ટરનેશનલ જર્નલ ઓફ પબ્લિક હેલ્થમાં પ્રકાશિત 'પબ્લિક હેલ્થની રેન્કિંગ સ્કૂલો માટેનું નવું મોડલ : પબ્લિક હેલ્થ એકેડેમિક રેન્કિંગ' શીર્ષકના અહેવાલનો એક ભાગ છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ શૈક્ષણિક જાહેર આરોગ્ય માટે આંતરરાષ્ટ્રીય ગ્રંથસૂચિ યુનિવર્સિટી રેન્કિંગ સિસ્ટમ બનાવવાનો છે. PHFIની શરૂઆત વર્ષ 2006માં ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી મનમોહનસિંહ દ્વારા કરવામાં આવી હતી. તે એક જાહેર ખાનગી પહેલ છે જેમાં ભારતીય અને આંતરરાષ્ટ્રીય શિક્ષણવિદ્દો, સરકારો, એજન્સીઓ અને નાગરિક સમાજ જૂથો સામેલ છે. તે જાહેર આરોગ્યમાં સંશોધન, તાલીમ અને નીતિ નિર્માણ માટે ભારતીય સંસ્થાઓની ક્ષમતાને મજબૂત બનાવવા માગે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ટી.એમ.કૃષ્ણને સંગીત કલાનિધિ એવોર્ડથી સન્માનિત કરાયા**




કર્ણાટકના શાસ્ત્રીય ગાયક થોદુર મદાબુસી કૃષ્ણને મદ્રાસ મ્યુઝિક એકેડેમી દ્વારા પ્રતિષ્ઠિત સંગીત કલાનિધિ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ એવોર્ડ તેમના શક્તિશાળી અવાજ, પરંપરા પ્રત્યેની પ્રતિબદ્ધતા, સંગીત પ્રત્યે સંશોધનાત્મક અભિગમ અને સામાજિક સુધારણાના સાધન તરીકે સંગીતના ઉપયોગને માન્યતા આપે છે. તેમણે નાની ઉંમરે જ સંગીતની સફર શરૂ કરી હતી. 12 વર્ષની ઉંમરે તેમણે મદ્રાસ મ્યુઝિક એકેડેમીમાં તેનો પ્રથમ કોન્સર્ટ રજૂ કર્યો હતો.

➤ **પાંડવુલા ગુટ્ટા અને રામગઢ ક્રેટર ભૂ-વારસા સ્થળ (જિયો-હેરિટેજ સાઈટ્સ) તરીકે નિયુક્ત**



પાંડવુલ્લા ગુટ્ટા, એક પ્રાચીન ભૂસ્તરશાસ્ત્રીય લક્ષણ જે હિમાચલ પર્વતમાળાની પૂર્વે છે તે તેલંગાણામાં એક માત્ર ભૂ–વારસા સ્થળ તરીકે સત્તાવાર રીતે નિયુક્ત થયેલ છે. આ ઉપરાંત રાજસ્થાન સરકારે બારન જિલ્લામાં રામગઢ ક્રેટરને ભૂ–વારસા સ્થળ તરીકે નિયુક્ત કર્યુ છે. પાંડવુલા કોંડા (પાંડવુલા ગુટ્ટા) એ એક ભૂ–વૈજ્ઞાનિક આકૃતિ છે, જે તેલંગાણાના જયશંકર ભુલાપલ્લી જિલ્લામાં સ્થિત છે. તે મેસોલિથિક સમયગાળાથી મધ્યયુગીન સમયગાળા સુધી એક આશ્રયસ્થાનો અને વસવાટથી સમૃદ્ધ છે. જ્યારે રાજસ્થાનમાં રામગઢ ક્રેટરની ઉત્પતી 165 મિલિયન વર્ષો પહેલા ઉલ્કાની અસરથી થઈ હતી. 3 કિલોમીટરનો વ્યાસ ધરાવતો આ ખાડો આવશ્યક ઈકોસિસ્ટમ સુવિધાઓ પ્રદાન કરે છે, જે સંલગ્ન વિસ્તારના પર્યાવરણીય સંતુલન અને જૈવવિવિધિતામાં ફાળો આપે છે.

➤ **SAKHI : ગગનયાન મિશન**




ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન હેઠળના વિક્રમભાઈ સારાભાઈ સ્પેસ સેન્ટર (VSSC)એ ગગનયાન સ્પેસ ફલાઈટ મિશન દરમિયાન અવકાશયાત્રીઓને ટેકો આપવા માટે સ્પેસ–બોર્ન આસિસ્ટન્ટ એન્ડ નોલેજ હબ ફોર ક્રૂ ઈન્ટએક્શન (SAKHI) નામની નવીન અને બહુમુખી એપ્લિકેશન વિકસાવી છે. SAKHI તકનીકી માહિતીની એક્સેસ પ્રદાન કરે છે તથા સંદેશાવ્યવહારની સુવિધા, આરોગ્ય નિરીક્ષણ, પૃથ્વી અને ઓનબોર્ડ સિસ્ટમ સાથે કનેક્ટિવિટી અને ખોરાકના સમયપત્રકનું સંચાલન કરે છે. સ્પેસ–સ્યુટથી સજ્જ SAKHI અવકાશયાત્રીઓને ડેટા એક્સેસ કરવામાં, લોગ્સ જાળવવામાં અને તેમની સુખાકારી વિશે માહિતગાર રહેવા, ગગનયાન મિશન માટે સલામતી અને કાર્યક્ષમતા વધારવા અને અવકાશ સંશોધનને આગળ વધારવાના ISROના લક્ષ્ય સાથે સંરેખિત કરવામાં મદદ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

➤ **આસિફ અલી ઝરદારી પાકિસ્તાનના 14મા રાષ્ટ્રપતિ બન્યા**



તાજેતરમાં આસિફ અલી ઝરદારીએ પાકિસ્તાનના 14માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા છે. પાકિસ્તાનમાં 9 માર્ચ, 2024ના રોજ રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાઈ હતી. તેઓ મહુમૂદ ખાન અચકઝાઈને હરાવીને રાષ્ટ્રપતિ બન્યા છે. આસિફ અલી ઝરદારીએ અગાઉ 2008 થી 2013 સુધી પાકિસ્તાનના 11માં રાષ્ટ્રપતિ તરીકે સેવા આપી હતી. તેઓ 2018 થી 2023 અને 2024માં પાકિસ્તાનની નેશનલ એસેમ્બલીના સભ્ય હતા. 1987માં બેનઝીર ભુટ્ટો સાથે તેમના લગ્ન પછી પ્રસિદ્ધિ પામ્યા હતા.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **Grok Chatbot**

Grok એ એલોન મસ્ક દ્વારા સ્થાપિત xAI કંપની દ્વારા વિકસિત જનરેટિવ AI ચેટબોટ છે. xAI દ્વારા Grokને શરૂઆતથી પ્રશિક્ષિત વિશાળ ભાષા મોડેલ તરીકે વિકસાવવામાં આવ્યું હતું. બેઝ મોડલ જેને Groc-1 તરીકે ઓળખવામાં આવે છે, તે 314 બિલિયન પેરામીટર મિશ્રણ નિષ્ણાંતોનું મોડલ છે.







1. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા રાજ્યમાં પામ ઓઈલ હેઠળ પ્રથમ પામ પ્રોસેસિંગ મિલનું ઉદ્‌ઘાટન કર્યુ છે ? – અરૂણાચલ પ્રદેશ
2. તાજેતરમાં ભારતના પ્રથમ ઈન્ડોર એથ્લેટિક્સ અને જળચર કેન્દ્રનું ઉદ્‌ઘાટન ક્યાં થયું હતું ? – ભૂવનેશ્વર
3. તાજેતરમાં ભારતની નુમાલીગઢ રિફાઈનરી લિમિટેડ (NRL)એ કયા દેશમાં તેની પ્રથમ આંતરરાષ્ટ્રીય ઓફિસનું ઉદ્‌ઘાટન કર્યુ છે ? – બાંગ્લાદેશ
4. વૈજ્ઞાનિકોએ તાજેતરમાં _____ ગ્રહ પર નોક્ટિસ નામનો એક વિશાળ જ્વાળામુખી શોધી કાઢ્યો છે. – મંગળ
5. TRAFFIC અને WWF-ઈન્ડિયાના અહેવાલ મુજબ શાર્કના શરીરના અંગોના ગેરકાયદે વેપારમાં કયું રાજ્ય ટોચ પર છે ? – તમિલનાડુ
6. તાજેતરમાં સમાચારોમાં જોવા મળેલું અટાપાકા પક્ષી અભયારણ્ય કયા રાજ્યમાં આવેલું છે ? – આંધ્રપ્રદેશ
7. રાષ્ટ્રીય રસીકરણ દિવસ 2024 કયારે મનાવવામાં આવ્યો હતો ? – 16 માર્ચ
(રાષ્ટ્રીય રસીકરણ દિવસ, 2024ની થીમ 'Vaccines Work For All' છે.)
8. ભારતની કઈ રાજ્ય સરકારે મહિલા સરકારી કર્મચારીઓ માટે વધારાની 10 દિવસની કેઝ્યુઅલ રજાની જાહેરાત કરી છે ? – ઓડિશા
9. નદીઓ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ? – 14 માર્ચ
10. પ્રોડક્શન લિન્કડ ઈન્સેન્ટિવ (PLI) યોજના હેઠળ 2024માં ભારત કઈ દવાનું ઉત્પાદન ફરી શરૂ કરવા માટે તૈયાર છે ? – પેનિસિલિન જી
11. નેશનલ પેરા બેડમિન્ટન ચેમ્પિયનશિપનું આયોજન કયાં કરવામાં આવશે ? – જમશેદપુર
12. પ્રથમ વખત પુસા કૃષિ વિજ્ઞાન મેળાનું આયોજન કયાં કરવામાં આવી રહ્યું છે ? – સિમડેગા
13. ‘ભારત–બાંગ્લાદેશ પ્રવાસન મેળા’નું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ? – ઢાકા
14. _____ એ તાજેતરમાં ભારતમાં સ્વ–સહાય જૂથોની ઉભરતી ગતિશીલતા પર પ્રકાશ પાડતા સંશોધન અભ્યાસનું અનાવરણ કર્યુ હતું. – SBI
15. પેરા તીરંદાજ _____ ને ચૂંટણી પંચે નેશનલ PWD (રાષ્ટ્રીય વિકલાંગ વ્યક્તિઓ) આઈકન તરીકે નામાંકિત કર્યા. – સુશ્રી શિતલ દેવી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

16. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'વિકાસશીલ દેશોની વેપાર યોજના' (DCTS) કયા દેશ સાથે સંકળાયેલ છે ? – UK

17. તાજેતરમાં 'મિશન 414 અભિયાન' શરૂ કરવામાં આવ્યું હતું. તે કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ?

– હિમાચલ પ્રદેશ

(ભારતના ચૂંટણી પંચે હિમાચલ પ્રદેશમાં છેલ્લી લોકસભા ચૂંટણીમાં 60% કરતા ઓછી ભાગીદારી ધરાવતા 414 મતદાન મથકોમાં મતદારોના મતદાનને વધારવા માટે 'મિશન 414'ની શરૂઆત કરી હતી)

18. મહારાષ્ટ્રના અહેમદનગર જિલ્લાને નવું નામ શું આપવામાં આવ્યું છે ? – અહિલ્યાનગર

19. ભારતીય સેના અને સેશેલ્સ ડિફેન્સ ફોર્સિસ (SDF) વચ્ચેની સંયુક્ત લશ્કરી કવાયત _____ની દસમી આવૃત્તિમાં ભાગ લેવા માટે ભારતીય સેનાની ટુકડી સેશેલ્સ જવા રવાના થઈ છે. – LAMITIYE-2024

20. વર્ષ 2023માં DHL કનેક્ટેડનેસ ઈન્ડેક્સ પર ભારતનું રેન્કિંગ શું છે ? – 62

21. કોટક મહિન્દ્રા બેંક દ્વારા 'વન કોટક'ના પ્રમુખ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – જયદીપ હંસરાજ

22. ભારતમાં દર વર્ષે કયા દિવસના રોજ ઓર્ડનન્સ ફેક્ટરી દિવસ મનાવવામાં આવે છે ? – 18 માર્ચ

23. તાજેતરમાં રાષ્ટ્રીય મહિલા આયોગે માનવ તસ્કરીને નિયંત્રિત કરવા માટે કયા સુરક્ષા દળ સાથે MoU હસ્તાક્ષર કર્યા હતા ? – રેલવે પ્રોટેક્શન ફોર્સ

24. સ્ટેટ ઓફ ગ્લોબલ ક્લાઈમેટ રિપોર્ટ કઈ સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવે છે ?

– વિશ્વ હવામાન સંસ્થા (WMO)

25. તાજેતરમાં રશિયામાં ભારતના રાજદૂત તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – વિનય કુમાર

26. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલ વાલ્મીકિ ટાઈગર રિઝર્વ (VTR) કયા રાજ્યમાં આવેલું છે ? – બિહાર

27. કયા દેશે 'લોકશાહી માટે AI જોખમોની ચેતવણી' સમિટનું આયોજન કર્યું હતું ? – દક્ષિણ કોરિયા

28. પેરિસ ઓલિમ્પિક 2024 માટે કઈ બેંકે ભારતીય ઓલિમ્પિક સંઘ સાથે ભાગીદારી કરી છે ? – Yes Bank

29. તેલંગાણાના પ્રભારી રાજ્યપાલ તરીકે વધારાનો હવાલો કોને સોંપવામાં આવ્યો છે ?

– ઝારખંડના રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણનને

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

આ ઓફર માત્ર
**31 માર્ચ, 2024** સુધી જ

# સપ્તરંગ OFFER 2.0

# BIG DISCOUNT

| ● LIVE BATCH | Without Material (Validity:1 Year) | With Material (Validity:1 Year) |
|---|---|---|
| કોન્સ્ટેબલ | ₹5999/- | ₹8888/- |
| PSI | ₹6999/- | ₹9999/- |

| RECORDED BATCH | 6 Month (Without Material) | 12 Month (Without Material) |
|---|---|---|
| GPSC MASTER COURSE | ₹2999/- | ₹3999/- |

| RECORDED BATCH | 6 Month (Without Material) | 12 Month GK ની જમાવટ Book (આ બુક આપને Courier દ્વારા મળશે) |
|---|---|---|
| કંડક્ટર | ₹999/- | ₹1799/- |

**ICEONLINE** APP ડાઉનલોડ કરો

Google Play
Download on the App Store

93773-01110
(10:00am to 6:00pm)

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT